# 12 પેટા સમિતિની રચના: નવા ચહેરાઓને તક

**મનપાની** આ સમિતીઓમાં ધારાસભ્યોની ભલામણોને પ્રાધાન્ય, આંતરિક જૂથવાદ સંતુલિત કરવાનો પ્રયાસ, 12માંથી 4 સમિતિની કમાન મહિલાઓને

સુરતઃ સુરત મહાપાલિકામાં આજે સામાન્ય સભામાં પ્રથમ વિવિધ 12 ખાસ સમિતીના સભ્યોની વરણી કરવામાં આવી હતી અને હવે આગામી દિવસોમાં જે તે કમિટીની મીટિંગ બોલાવીને તેમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની વરણી કરવામાં આવશે.

## ખડી સમિતિમાં માવાણી-રાજપૂતનો સૂચક સમાવેશ

ખાડી સમિતિમાં પૂર્વ મેયર દક્ષેશ માવાણી અને પૂર્વ શાસક પક્ષના નેતા અમિતસિંહ રાજપૂતને સભ્ય તરીકે સ્થાન આપવામાં આવ્યું છે, જે પણ વહીવટી રીતે મહત્ત્વપૂર્ણ નિર્ણય માનવામાં આવી રહ્યો છે. કેમ કે, મનપામાં કાર્યપાલક ઇજનેરથી લઇને કલમ 45 હેઠળની તમામ વરણીઓ ખડી સમિતિ કરે છે.

## સમિતિ ચેરમેન પદોની વહેચણીમાં સુરતી, સૌરાષ્ટ્રવાસી, મહારાષ્ટ્રીયમ, રાજસ્થાની અને ઉત્તરભારતીયોનું સંતુલન કરાયું

**આરોગ્ય સમિતિ**
**ચેરમેનઃ** અશોક રાંદેરીયા (સેન્ટ્રલ ઝોન-સુરતી)
**વાઇસ ચેરમેન :** વિક્રમ દેસાઈ.

**જાહેર બાંધકામ સમિતિ**
**ચેરમેનઃ** રાજેન્દ્ર પટેલ (રાંદેર ઝોન- કણબી પટેલ-સુરતી)
**વાઇસ ચેરમેન :** શીતલ પ્રતીક પટેલ

**પાણી સમિતિ**
**ચેરમેનઃ** રશ્મિબેન સાબુ (અઠવા ઝોન-રાજસ્થાની)
**વાઇસ ચેરમેન :** મહેશકુમાર મકવાણા.

**ગટર સમિતિ**
**ચેરમેન :** રવિન્દ્ર વિઠ્ઠલભાઈ ખેરનાર (ઉધના ઝોન- મહારાષ્ટ્રીયન)
**વાઇસ ચેરમેન :** રજનીશ દેસાઈ

**ટીપી સમિતી**
**ચેરમેન :** મહેન્દ્ર દેસાઈ (વરાછા ઝોન- સૌરાષ્ટ્રવાસી પાટીદાર)
**વાઇસ ચેરમેન :** અશોક શાહ.

**કાયદા સમિતિ**
**ચેરમેનઃ** મોહિનીબેન રાઠોડ (સેન્ટ્રલ ઝોન- એસ.ટી.)
**વાઇસ ચેરમેન :** કાવ્યાબેન પટેલ.

**સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ સમિતિ**
ચેરમેનઃ રાજેશ રાણા (કોટ વિસ્તાર-મુળ સુરતી)
**વાઇસ ચેરમેન :** ઈશ્વરભાઈ નારોલા.

**આરોગ્ય સમિતિ**
**ચેરમેનઃ** અલકાબેન પાટીલ (લિંબાયત ઝોન-મરાઠી)
**વાઇસ ચેરમેન :** હેમાક્ષીબેન ચૌહાણ.

**ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ**
**ચેરમેનઃ** સુરેશભાઈ ધામેલિયા (સરથાણા ઝોન- સૌરાષ્ટ્રવાસી પાટીદાર)
**વાઇસ ચેરમેન :** વિધિબેન રાઠોડ.

**સ્લમ ઇમ્પ્રુવમેન્ટ સમિતિ**
**ચેરમેનઃ** દિગ્વિજયસિંહ બારડ (રાંદેરઝોન- સુરતી ક્ષત્રિય સમાજ)
**વાઇસ ચેરમેન :** વંદનાબેન ઘોઘારી.

**લાઈટ એન્ડ ફાયર સમિતિ**
ચેરમેનઃ સોનુબેન આંબલિયા (કતારગામ ઝોન- પ્રજાપતિ સમાજ)
**વાઇસ ચેરમેન :** સુધાબેન રાજેશ પાંડે.

**જાહેર પરિવહન સમિતિ**
**ચેરમેનઃ** મનીષભાઈ પટેલ (ઉધના ઝોન-કોળી પટેલ)
**વાઇસ ચેરમેનઃ** રીનાસિંહ રાજપુત.

## ડ્રેનેજના કોન્ટ્રાક્ટર ખેરનાર હવે ડ્રેનેજ કમિટીના ચેરમેન : નોટિસ આપનાર અધિકારીઓ સલામ કરશે

મનપાની ચૂંટણીમાં આ વખતે ઉધના વિસ્તારમાંથી મનપાના કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા રવિન્દ્ર ખેરનારને ભાજપે ટિકિટ ફાળવી હતી. ઇજારદાર તરીકે કામ કરતી વખતે કામની ગુણવતા બાબતે નોટિસ પણ ફટકારાઇ હતી. હવે તેને ડ્રેનેજ કમિટી ચેરમેન બનાવાતા જે અધિકારીઓ તેને નોટિસ આપતા હતા તે હવે સલામ કરશે તેવો ઘાટ થયો છે.

## મેયરે મનપાની સામાન્ય સભા બરખાસ્ત કરી દીધી

આજે મનપાની સામાન્ય સભા દરમિયાન મેયર દ્વારા એક પછી એક અનેક ભૂલો કરવામાં આવતાં સભામાં હાજર સભ્યો પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. સભાની કાર્યવાહી દરમિયાન મેયર ગૃહ સમક્ષ રજૂ થયેલી વિવિધ દરખાસ્તો મંજૂર થાય એ પહેલાં જ સભ્યોને અભિનંદન આપવા માંડ્યાં હતાં. ચેરમેનોનાં નામોની જાહેરાત જ થઈ છે, હજી ચેરમેનોએ ચેરમેન તરીકેનો ચાર્જ નથી લીધો તે પહેલાં જ અભિનંદન આપી દીધાં હતાં. જેના પગલે શાસક અને વિપક્ષના સભ્યોમાં ગણગણાટ શરૂ થઈ ગયો હતો. ઉપરાંત સભાનું કામ પૂરું કરાયા બાદ સભા અનિશ્ચિત કાળ માટે મુલતવી રાખવાની હોય, તેના બદલે સભાને બરખાસ્ત (સ્થગિત) કરી દેવાની જાહેરાત પણ કરી દીધી હતી. મેયરે 'મનીષા મહાત્મા'ના સ્થાને ભૂલથી 'મનીષા આત્મા' સંબોધન કરી દીધું હતું, જેને કારણે ગૃહમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું.

## મોવડીમંડળની ખેંચતાણમાં સભા ચાલુ થયા બાદ સભ્યોના નામો આવ્યા, પ્રમુખ સહિતનાએ રાહ જોવી પડી

શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલ અને પક્ષના ત્રણ મહામંત્રીઓ બપોરે લગભગ 3:15 વાગ્યે મનપા કચેરીએ પહોંચ્યા હતા. જો કે, તેમની પાસે પ્રદેશ હાઇકમાન્ડ તરફથી સમિતિઓના અધ્યક્ષ-ઉપાધ્યક્ષોનાં નામોની મંજૂર યાદી ઉપલબ્ધ ન હોવાથી તેઓ સ્થાયી સમિતિના અધ્યક્ષની એન્ટીચેમ્બરમાં અંતિમ સૂચનાની રાહ જોતા રહ્યા હતા. જેના કારણે સંકલન બેઠકમાં હાજર કોર્પોરેટરોને પણ લાંબી રાહ જોવી પડી હતી. સાંજે 4 વાગ્યે સામાન્ય સભા શરૂ થવાનો સમય થઈ ગયો હોવા છતાં સંકલન બેઠકમાં કોઈ સત્તાવાર જાહેરાત ન થતાં ઘણા ભાજપી કોર્પોરેટરો સીધા જ સામાન્ય સભાના સભાગૃહમાં પહોંચી ગયા હતા. ત્યારબાદ ગણતરીના સભ્યોની હાજરીમાં શહેર ભાજપ પ્રમુખે અંતિમ ક્ષણે સમિતિઓના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષોનાં નામોની જાહેરાત કરી હતી. આ અનિશ્ચિતતાના કારણે મનપાની સામાન્ય સભા પણ નિર્ધારિત સમય કરતાં લગભગ 10 મિનિટ મોડી શરૂ થઈ હતી.

## મહેન્દ્ર દેસાઈ-બારડની છેલ્લી ઘડીએ એન્ટ્રીથી ભાજપની સમિતિઓનાં સમીકરણો બદલાયાં?

ભાજપનાં આંતરિક સૂત્રોના જણાવ્યા મુજબ મેયર પદની દોડમાં અંતિમ તબક્કે બહાર થયેલાં ઉર્વશી પટેલના સ્થાને રાંદેર ઝોનના કોર્પોરેટર દિગ્વિજયસિંહ બારડને સ્થાન મળ્યું હતું. તેમની પસંદગી પાછળ ધારાસભ્ય પૂર્ણેશ મોદીના પ્રયાસો મહત્ત્વના રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. બીજી તરફ વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણીના આગ્રહના કારણે મહેન્દ્ર દેસાઈને ટાઉન પ્લાનિંગ સમિતિના અધ્યક્ષ તરીકે જવાબદારી સોંપવામાં આવી હોવાનું પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. આ બંને નામોની અંતિમ ક્ષણે થયેલી એન્ટ્રીના કારણે સમિતિઓની યાદીમાં અનેક ફેરફારો કરવા પડ્યા હતા. ઉલ્લેખનીય છે કે, 28 મેના રોજ યોજાયેલી સામાન્ય સભામાં સ્થાયી સમિતિના સભ્ય તરીકે પસંદગી પામેલા ધર્મેશ ભાલાળાએ જાહેરમાં શહેર ભાજપ પ્રમુખ સમક્ષ નારાજગી વ્યક્ત કરી પોતાને સ્થાયી સમિતિમાંથી મુક્ત કરવાની રજૂઆત કરી હતી. જો કે, નવી યાદીમાં ધર્મેશ ભાલાળાને સ્થાયી સમિતિમાં યથાવત રાખવામાં આવ્યા છે.



**ઝોનવાઇઝ વરસાદ**
(સોમવારે રાત્રે 10થી મંગળવારે રાત્રે 10 કલાક સુધી)

| ઝોન | વરસાદ (મીમી) |
|---|---|
| સેન્ટ્રલ | 117 |
| રાંદેર | 107 |
| કતારગામ | 88 |
| વરાછા એ | 104 |
| વરાછા બી | 131 |
| લીંબાયત | 68 |
| અઠવા | 50 |
| ઉધના | 108 |

# સુરતમાં મેઘમહેરથી ગરમીનો પારો 4 ડિગ્રી ઘટી ગયો

**79 ટકા** ભેજ અને દક્ષિણ-પશ્ચિમના પવનથી લોકોને ઉકળાટમાંથી રાહત

સુરતઃ ગઈકાલ મોડી રાતથી શરૂ થયેલા વરસાદના કારણે સુરત શહેરમાં મહત્તમ તાપમાન ચાર ડિગ્રી ઘટીને 31.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જ્યારે લઘુત્તમ તાપમાનમાં પાંચ ડિગ્રીનો નોંધપાત્ર ઘટાડો થતાં તે 25.2 ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યું છે. તાપમાનમાં થયેલા આ ઘટાડાથી દિવસ દરમિયાન પણ વાતાવરણ પ્રમાણમાં ઠંડકભર્યું રહ્યું હતું. આજે શહેરમાં હવામાં 79 ટકા ભેજ નોંધાઈ હતી, જ્યારે દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન પ્રતિ કલાક 8 કિલોમીટરની ઝડપે ફૂંકાતો રહ્યો હતો. ચોમાસાની સક્રિયતા વધતાં વાદળછાયા વાતાવરણને કારણે સીધો સૂર્યપ્રકાશ ઓછો જોવા મળ્યો હતો, જેના કારણે ગરમીની તીવ્રતા પણ ઘટી ગઈ હતી.

## અહીં પાણી ભરાતા લોકો અટવાયા

મોટા વરાછા, વેડરોડ, અખંડ આનંદ કોલેજ પાસે, ફાલસાવાડી, નવસારી બજાર, ઉધના બાટલી બોય, વેસુ ભગવાન મહાવીર કોલેજ , રેલવે ગરનાળા પાસે પાણી ભરાયા હતા

## નિચાણવાળા વિસ્તારો પાણી-પાણી, અન્ય ઠેકાણે બેથી ત્રણ ફૂટ પાણી ભરાતા વાહનચાલકો હેરાન

વર્ષે દહાડે 11 હજાર કરોડનું બજેટ ધરાવતાં અને સ્માર્ટ સિટી ગણાતાં સુરત શહેરમાં આજે માત્ર બે ઈંચ વરસાદમાં જ પાલિકાની કામગીરીની પોલ ખુલી જવા પામી હતી. સવારથી શરૂ થયેલા વરસાદ વચ્ચે શહેરનાં મોટા ભાગનાં વિસ્તારોમાં રસ્તા પર નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ખાસ કરીને નિચાણવાળા વિસ્તારોની હાલત તો વધુ દયનીય બની જવા પામી હતી. રસ્તાઓ પર ઘુંટણ સુધી પાણી ભરાવવાને કારણે પીક અવર્સમાં વાહન વ્યવહાર થંભી ગયો હતો. મહિધરપુરા પોલીસ સ્ટેશનની સામે, ઉધના દરવાજા, વરાછા અને ગોડાદરા સહિત લિંબાયત તથા વેસુ વીઆઈપી રોડ, ખાટુ શ્યામ મંદિર, ભગવાન મહાવીર કોલેજ સહિતનાં વિસ્તારોમાં બેથી ત્રણ ફુટ સુધી પાણીનો ભરાવો થવાને કારણે પીક અવર્સમાં ભારે ટ્રાફિક જામનાં દ્રશ્યોને પગલે વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. આ સિવાય રાહદારીઓએ પણ ભારે હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો.

## ભેસ્તાનમાં વરસાદમાં પાણીની મોટરનો વાયર જોડતી વખતે કરંટ લાગતા યુવાનનું મોત

સુરતઃ ભેસ્તાનમાં ચાલુ વરસાદમાં પાણીની મોટરનો વાયર જોડતી વખતે વીજ કરંટ લાગતા યુવાનનું મોત થયું હતું. મૂળ બિહારના વતની રમેશભાઈ સુખદેવ મહંતો (ઉં.વ.44) હાલમાં ભેસ્તાન વિસ્તારમાં આવેલા ગણેશનગરમાં રહેતા હતા અને સંચા ખાતામાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. આજે સવારે શહેરમાં ભારે વરસાદ વરસી રહ્યો હતો. તે સમયે રમેશભાઈ પાણીની મોટર ચાલુ કરવા માટે વીજ વાયરને ઇલેક્ટ્રિક બોર્ડમાં જોડી રહ્યા હતા. ત્યારે અચાનક તેમણે વીજ કરંટ લાગ્યો હતો. પરિવારજનો તાત્કાલિક દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. જેથી સ્થળ પર આવેલા 108 એમ્બ્યુલન્સના કર્મીએ રમેશભાઈને મૃત જાહેર કર્યા હતા. બનાવને પગલે ભેસ્તાન પોલીસે વધુ તપાસ હાથ ધરી

## વરસાદની એન્ટ્રી સાથે શહેરમાં 15 વૃક્ષ ધરાશાયી

વરસાદને પગલે કતારગામના ગોતાલાવાડી વિસ્તારમાં એક કદાવર વૃક્ષ અચાનક ધરાશાયી થતાં બે મોટરસાઈકલ અને એક મોપેડ તેની નીચે દબાઈ ગયા હતા. આરઝેડી બ્રિજ નજીક પણ એક વૃક્ષ પડી જતાં ત્યાં પાર્ક કરાયેલી કારને નુકસાન થયું હતું. આઈ.પી. મિશન સ્કૂલ અને બેગમપુરા વિસ્તારમાં સહિત પાંચ વૃક્ષ ધરાશાયી થયા હતા. રાંદેર ઝોનમાં ઉગત કેનાલ રોડ, મોરા ભાગળ સ્થિત શ્રદ્ધા સોસાયટી અને પાલનપુર ગામ વિસ્તારમાં ત્રણ વૃક્ષ સમગ્ર શહેરમાં 15 વૃક્ષ તૂટી પડ્યા હતા.



## વેસુ અને પરવટ ગામ: કેમ્પસમાં પાણી ભરાયા, સ્કૂલના બાળકો ઘૂંટણસમા પાણીમાંથી જવા મજબૂર

ભારે વરસાદના કારણે સુરતના શૈક્ષણિક કાર્ય પર પણ માઠી અસર પડી છે. વેસુ વિસ્તારમાં આવેલી ભગવાન મહાવીર યુનિવર્સિટી કેમ્પસના વર્ગખંડો અને મુખ્ય માર્ગો પર ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ, પર્વત ગામ વિસ્તારમાં આવેલી સરસ્વતી વિદ્યાલયની આજુબાજુ પણ ભારે પાણી ભરાઈ ગયા છે. દર વર્ષે ચોમાસામાં બાજુમાંથી પસાર થતી મીઠી ખાડીના પાણી બેક મારવાના કારણે અહીં જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. તંત્ર દ્વારા કોઈ કાયમી નિકાલ ન કરાતાં આજે શાળાએ જતાં માસૂમ વિદ્યાર્થીઓ અને વાલીઓ ઘૂંટણસમા ગંદા પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા હતા.

# AI અને ડેટા એનાલિસિસની મદદથી 3 કરોડની કરચોરી ઝડપાઈ

**AIના** ડિજિટલ ટ્રેકિંગથી CGSTની નવી ટીમે બિલ્ડર, હોટલ અને કાપડ વેપારીની કરચોરીનો પર્દાફાશ કર્યો

સુરતઃ સુરત સેન્ટ્રલ જીએસટી (CGST) વિભાગ દ્વારા કરચોરો સામે આધુનિક રીતે કાર્યવાહી હાથ ધરી છે. સામાન્ય રીતે વિભાગ બાતમીદારો અથવા ચોક્કસ ઈનપુટ્સના આધારે દરોડા પાડતું હોય છે, પરંતુ આ વખતે ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સપાટો બોલાવવામાં આવ્યો છે.

\જીએસટી વિભાગની નવી ટુકડીઓએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને એડવાન્સ ડેટા એનાલિસિસના આધારે ડિજિટલ ટ્રેકિંગ કરીને બિલ્ડર, હોટલ ઉદ્યોગ અને કાપડના મોટા વેપારીઓ પાસેથી અંદાજે રૂપિયા 3 કરોડની કરચોરી ઝડપી પાડી છે.

## VIP રોડના બિલ્ડરની 2 કરોડની કરચોરી પકડાઇ


આ મેગા સર્ચ ઓપરેશનમાં સૌથી મોટી કાર્યવાહી વીઆઇપી રોડ પર આવેલા એક જાણીતા બિલ્ડર જૂથ પર કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ બિલ્ડરે નિયમ મુજબ ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) રિવર્સ કરવાની થતી હતી, જે કરવામાં આવી ન હતી. આ ટેકનિકલ લૂપહોલ પકડી પાડીને અધિકારીઓએ બિલ્ડર પાસેથી રૂ. 2.22 કરોડની કરચોરી શોધી કાઢી છે.

## BUCની આડમાં નવી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ

જીએસટીના દરોડા દરમિયાન બિલ્ડરો દ્વારા ટેક્સ બચાવવા માટે અજમાવવામાં આવતી એક તદ્દન નવી મોડસ ઓપરેન્ડી (યુક્તિ) સામે આવી છે. બિલ્ડરો ગ્રાહકો પાસેથી એડવાન્સ બુકિંગના નાણાં મેળવતા હોવા છતાં તેને ચોપડે દર્શાવતા ન હતા. બિલ્ડિંગ યુઝ પરમિશન (BUC) મળ્યા બાદ સીધા જ દસ્તાવેજ કરી દેવામાં આવતા હતા.

# સુરત મનપાના ઈનચાર્જ સિટી ઈજનેર ભગવાગર નિવૃત્ત થયા

**નિવૃત્તિના** છેલ્લા 3 દિવસોમાં ભગવાગરને કમિ.ની ગેરહાજરીમાં લૂકઆફ્ટર કરવાનો ચાન્સ મળ્યો



સુરતઃ સુરત મનપામાં 36 વર્ષ સુધી ફરજ બજાવનાર હાલના ઈન્ચાર્જ સિટી ઈજનેર ડી.સી.ભગવાગર આજે વયમર્યાદાને પગલે નિવૃત્ત થયા હતા. નિવૃત્તિના છેલ્લા દિવસોમાં ભગવાગરને કમિ.ની ગેરહાજરીમાં કમિ.ના લૂકઆફટર તરીકે કામગીરી કરવાનો ચાન્સ મળ્યો હતો. ડી.એમ. ભગવાકર તા. 5 મે, 1995ના રોજ સુરત મહાનગરપાલિકામાં સહાયક એન્જિનિયર તરીકે જોડાયા હતા અને બાદમાં કાર્યપાલકથી માંડીને એડિ. સિટી ઈજનેર અને હાલમાં ઈન્ચાર્જ સિટી ઈજનેર બન્યા હતા. ભગવાગરની નિવૃતિ સાથે તેમના વિભાગો અન્ય અધિકારીઓને સોંપાયા તેમાં ડેપ્યુટી મ્યુ. કમિશનર નિધિ સિવાચને ડ્રેનેજ વિભાગ, સ્ટોર્મ વોટર પ્રોજેક્ટ, તાપી શુદ્ધિકરણ, ટર્શિયરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ, એડિશનલ સિટી એન્જિનિયર એમ.ડી. ચાવડાને સિટી એન્જિનિયર સ્પેશિયલ સેલ, કેપિટલ વર્ક્સનું મોનિટરિંગ, બ્રિજ વિભાગ, એડિશનલ સિટી એન્જિનિયર એ.જે. નાયકને ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ, BRTS સેલ, સિટી લિંક, મેટ્રો રેલ, ડે.મ્યુનિ.કમિ. ધર્મેશ મિસ્ત્રીને વોચ એન્ડ વોર્ડ વિભાગની જવાબદારી સોંપવામાં આવી છે.

## શિસ્તનું પાલન કરાવનાર હીરાના કારખાનાના મેનેજર પર બે ભાઈનો હુમલો

સુરતઃ મૂળ ભાવનગરના વતની અને હાલ મોટા વરાછા ખાતે રહેતા ૩૦ વર્ષીય ગૌતમભાઈ રમેશભાઈ ઈટાલીયા કાપોદ્રાના 'પંકજ ડાયમંડ' નામના કારખાનામાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. આ કારખાનામાં પાંચ મહિનાથી કામ કરતો અંકુશ ગોપાલભાઈ આલ્ગોતર નામનો રત્નકલાકાર કામમાં બેદરકારી દાખવતો હતો અને પંચિંગ પણ નિયમિત કરતો ન હતો. મેનેજરે તેને વારંવાર ટોકતાં ગઈકાલે સવારે ૮:૪૫ વાગ્યાની આસપાસ અંકુશે તેના ભાઈ જય આલ્ગોતરને કારખાના પર બોલાવી 'બાથરૂમમાં કામ છે' તેમ કહી મેનેજર ગૌતમભાઈને અંદર બોલાવી માર માર્યો હતો.

## નકલી આંગડિયા પેઢીના નામે 40 લાખ પડાવનાર રાજસ્થાની ગેંગના 5 ઝડપાયા

સુરતઃ મહેન્દ્રકુમાર બાબુલાલ શાહે સુરતથી બેંગ્લોર ખાતે રહેતા તેમના જમાઈ રાહુલભાઈને રૂપિયા ૪૦ લાખ મોકલવાના હોવાથી 'ભાવેશ આંગડીયા પેઢી' મારફત નાણાં મોકલ્યા હતા. બીજી તરફ, બેંગ્લોરમાં નાણાં મળી ગયાનો ભરોસો આપીને સુરતમાં મહિધરપુરા ગલેમંડી રોડ પરથી ગેંગના સાગરીતે ફરિયાદી મહેન્દ્રકુમાર પાસેથી રૂપિયા ૪૦ લાખની અસલી રોકડ મેળવી લીધી હતી. મહિધરપુરા પોલીસે આ કેસમાં ખેત્રપાળ આદુરામ શર્મા, શિવશંકર હરીરામ ગોદારા (જાટ), સાંવરદાસ સત્યનારાયણદાસ સ્વામીહલ, હરીકિશન શર્મા તેમજ માણેકચંદ શર્માની ધરપકડ કરી છે.

# મનપાના જુનિ. ઈજનેર પાનવાલાને લાંચ કેસમાં ત્રણ વર્ષની કેદની સજા

**ફેક્ટરીનાં** વોટર કનેક્શન બદલવા માટે લાંચ માંગી હતી

**ફરિયાદી** રાકેશ અસારાવાલા નિવેદનથી ફરી જતાં હોસ્ટાઈલ જાહેર થયા

સુરતઃ પાણીની લાઈન બદલવા માટે રૂપિયા 2 હજારની લાંચ કેસમાં સુરત મનપાના જુનિયર ઈજનેર ચંદ્રેશ પાનવાલાને સેશન્સ કોર્ટે દોષિત ઠેરવી ૩ વર્ષની કેદ અને દંડ ફટકાર્યો હતો.

આ કેસની હકીકત મુજબ વર્ષ ૨૦૧૧ માં સુરતના રામપુરા વિસ્તારમાં આવેલી 'અસારાવાલા સિલ્ક ફેક્ટરી'ના માલિક રાકેશ દિનેશચંદ્ર અસારાવાલાની ફેક્ટરીના વોટર કનેક્શનમાં ગંદુ પાણી આવતું હોવાથી તેમણે નળી બદલવાની અરજી કરી હતી. જેની સામે મનપાના જુનિ. ઈજનેર ચંદ્રેશ પાનવાલાએ 2500 રૂપિયાની લાંચ માંગી હતી અને 2000 રૂપિયા સ્વીકારતા એસીબીએ ધરપકડ કરી હતી. આ કેસની ટ્રાયલ દરમિયાન ફરિયાદી રાકેશ અસારાવાલા પોતાના નિવેદનથી ફરી ગયા હતા અને કોર્ટમાં હોસ્ટાઈલ જાહેર થયા હતા. ફરિયાદ પક્ષે સરકારી વકીલ નિલેશ ગોળવાલા કેસ પુરવાર કરવામાં સફળ થયાં હતાં. કોર્ટે માન્યું કે સરકારી કર્મચારી દ્વારા પદનો દુરુપયોગ કરીને લાંચ લેવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### યોગ સ્પોર્ટસ્ એન્ડ એડ્વાન્ચર એસો.ના નવા હોદ્દેદારો વરાયા





સુરતઃ યોગ સ્પોર્ટસ્ એન્ડ એડવાન્ચર એસોસિએશનની સામાન્ય સભા હાલમાં મળી હતી. જેમાં આ વર્ષે ઓગષ્ટ માસમાં જિલ્લા કક્ષાની યોગસ્પર્ધા યોજવાનો નિર્ણય લેવાયો હતો. કન્વીનર તરીકે મહેશભાઇ ચૌહાણ, સહ-કન્વીનર તરીકે રવી ચૌહાણની પસંદગી કરવામાં આવી હતી. સાથે સાથે સંસ્થાના પાંચ વર્ષ માટે નવા હોદ્દારોમાં પ્રમુખ પદે એડવોકેટ નૈષદ જાસોલીયા, ઉપપ્રમુખ પદે વિજય ઠક્કર, મુકેશ ડોંડા તથા મંત્રીપદે નવનીત સેલર, સહમંત્રીપદે નિલેશ બેલડીયા, ખજાનચી પદે પારસ દામાણીની નિમણુંક કરવામાં આવી હતી. જ્યારે ટ્રસ્ટી મંડળમાં નૈષદ જાસોલીયા, નિલેશ બેલડીયા, તેમજ મેહુલ ચિત્રોડાની વરણી કરાઈ હતી.

### અડાજણના કલ્પેશ વ્યાસ ઈતિહાસ વિષયમાં પીએચ.ડી. થયા



સુરત : અડાજણ ગામના વતની કલ્પેશકુમાર ચંદ્રકાંત વ્યાસએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ઈતિહાસ વિષયમાં 'સુરતનો નાગર સમુદાય ૧૯મી અને ૨૦મી સદી એક ઐતિહાસિક અધ્યયન' વિષય ઉપર મહાશોધ નિબંધ રજૂ કર્યો હતો. જેને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે માન્ય રાખી તેઓને ફેક્લ્ટી ઓફ આર્ટ્સ(ઈતિહાસ)માં પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. જે નાગર સમાજ અને એમ.ટી.બી. (ટેક.)હાઈસ્કુલનું નામ રોશન કર્યું છે. આ મહાશોધ નિબંધ તેમણે ઝેડ.એફ.વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે.જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત અને હાલ ગુજરાત ટ્રાયબલ સંશોધન અને એક્યુઝટીવ ડાયરેક્ટર બિરસા મુંડાભવન, ગાંધીનગરનાં માર્ગદર્શક પ્રો.ડો. ચંદુભાઈ સી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો.

### ડુંડી ગામ ખાતે વૃક્ષારોપણ અને ધાર્મિક કાર્યક્રમ યોજાયો




સુરતઃ સુરત જિલ્લાના ડુંડી ગામ ખાતે પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના ઉદ્દેશ્ય સાથે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સુરતના પ્રાદેશિક અધિકારી અરુણભાઈ પટેલ, પાંડેસરા ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રેસિડેન્ટ કમલવિજય તુલસિયાન, સચિન જીઆઇડીસીના ઉદ્યોગકાર અશ્વિન દેસાઈ, વિનિત જૈન તેમજ ગામના આગેવાનો અને ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોએ પર્યાવરણ સંરક્ષણ, કુદરતી સંસાધનોના જતન અને સ્વચ્છ પર્યાવરણના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. વૃક્ષારોપણ બાદ ગામના મહાદેવ મંદિરે દર્શન-પૂજન કરી સમાજની સુખાકારી, સમૃદ્ધિ અને શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

### શાંતિ માર્કેટમાં મળતી નથી, તમારી ભીતર જ હોય છે: પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ અંજુર ફાટા સ્થિત શ્રી શંખેશ્વરધામ શ્વે. મૂ.પૂ. જૈન સંઘના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે રસ્તામાં અટવાયેલા માણસને સાચો રસ્તો બતાડવા માટે ગુગુલગુરુને કહો તો તે માર્ગદર્શન આપે છે પણ જીવનમાં અટવાયેલાને સાચો રસ્તો ધર્મગુરુ જ બતાવી શકે છે. આમાં એ.આઇ પણ 'હેલ્પલેશ' છે. એ.આઇ. ઘણું બતાવી શકે પણ દુઃખીને સુખી બનાવવાની તાકાત એ.આઇ.ની નથી. સુખ, શાંતિ, સમાધિ, સ્વસ્થતા અને પ્રસન્નતાનું માર્કેય ક્યાં છે ? આ માર્કેટ બતાવવાની તાકાત ગુગલગુરુ કે એ.આઇ.ની નથી. આજનો માણસ અશાંત છે. શાંતિ ક્યાંય બહાર માર્કેટમાં મળતી નથી, શાંતિ તો માત્ર તમારી ભીતરમાં છે. અંદર ખોવાઇ જાઓ તો બહારના વળગાડ ચોંટતા નથી. આજે માણસ બહારની દુનિયામાં જ આંટા મારી રહ્યો છે. ભ્રમણાના જગતમાં જીવતો માણસ એમ જ સમજે છે કે બહાર જ સુખ, શાંતિ વગેરે મળે છે.

### અગ્રવાલ વિકાસ ટ્રસ્ટના પ્રમુખ તરીકે પ્રમોદ કંસલની વરણી




સુરતઃ અગ્રવાલ વિકાસ ટ્રસ્ટની 36મી વાર્ષિક સાધારણ સભા રવિવારે સિટી લાઇટ સ્થિત મહારાજા અગ્રસેન ભવનના પંચવટી હોલમાં યોજાઈ હતી. સભાની શરૂઆત પ્રમુખ પ્રમોદ પોદ્દારના સ્વાગત પ્રવચનથી થઈ હતી. સેક્રેટરી અનિલ શોરેવાલાએ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો, જ્યારે ખજાનચી શશિભૂષણ જૈને આવક-જાવકનો હિસાબ રજૂ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન નિવૃત્ત સભ્યોનું સન્માન તેમજ નવનિર્વાચિત સભ્યોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. નવી કારોબારીની સર્વસંમતિથી રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમોદ કંસલ પ્રમુખ, અમિત સતનાલીવાલા ઉપપ્રમુખ, મનોજ ડોહકાવાલા સેક્રેટરી, રાહુલ અગ્રવાલ સહ-સેક્રેટરી, રમેશ અગ્રવાલ (વિનાયક) ખજાનચી અને મધુરકૃષ્ણ ઝુનઝુનવાલા સહ-ખજાનચી તરીકે વરાયા હતા.

### સોનીફળિયાના મહાલક્ષ્મી માતાજી મંદિરે શતચંડી યજ્ઞ કરાયો



સુરતઃ સોની ફળિયા વિસ્તારમાં આવેલા શ્રી મહાલક્ષ્મી માતાજીના મંદિરે ગતરોજ શ્રી આરાસુરી અંબાજી માતા સ્વરૂપના અનુપમ દર્શનનો લાભ શતચંડી યજ્ઞ વેળા લેવાયો હતો. જેમાં બેતાળીસ જેટલા માઈ ભક્તના જોડા - દંપતીઓ યજમાન પદે રહ્યા હતા. વિવિધ સમાજના ભક્તોએ દર્શન અને મહાપ્રસાદનો લાભ લીધો હતો તેમ શ્રી ભિન્નમાલ શ્રાગડ બ્રાહ્મણ સમાજ, સોની ફળિયાના ટ્રસ્ટી પંકજભાઈ મહેતાની યાદીમાં જણાવાયું હતું.